# સરકારના આંકડા ભલે ગમે તે કહેતા હોય પરંતુ વાસ્તવિક સ્થિતિ અતિ ગંભીર છે

## ટેસ્ટીંગ અને ટ્રેકીંગની પ્રક્રિયા હજુ પણ ખોટવાયેલી-ખોરવાયેલી છે, તાકીદે ટેસ્ટીંગ મશીનરી પ્રસ્થાપિત કરવી જોઈએ

સરકાર કાગળ ઉપર કે કોર્ટમાં ભલે કહે કે સ્થિતિ નિયંત્રણમાં છે પરંતુ વાસ્તવિકતા વિપરીત છે, સ્થિતિ સ્હેજ પણ નિયંત્રણમાં નથી. સરકારી કે બિન સરકારી સંશાધનો ખુટી પડ્યા છે... ઓક્સિજન બેડ નથી... રેમડેસિવિર ઈન્જેક્શન નથી... ઓક્સિજનનો જથ્થો નથી... અને આ બધામાં અધુરૂ હોય તેમ ક્યાંય ગંભીરતા નથી. અમદાવાદ સિવિલ હોસ્પિટલના સત્તાવાહકો જાહેરમાં કબુલ કરે છે કે સિવિલ કમ્પાઉન્ડની બધી જ બેડ ભરાઈ ગઈ છે. આરટીપીસીઆર ટેસ્ટ માટે આજે પણ ૭૨ કલાકથી વધુ સમય લાગે છે. કેટલીય ખાનગી હોસ્પિટલોમાં ઓક્સિજનનો જથ્થો ખુટી પડતાં દર્દીઓ હાલાકીમાં મુકાયા છે અને નાની નાની હોસ્પિટલો તો બંધ થવા માંડી છે. દર્દીઓના સગાઓ છેલ્લા ૪ દિવસથી રેમડેસિવિર મેળવવા આકાશ પાતાળ એક કરી રહ્યા છે. ઝાયડસ હોસ્પિટલના સંકુલમાં બબ્બે કિલોમીટર લાંબી લાઈનો ચોવીસ ચોવીસ કલાકથી લાગી છે અને ત્યાં પણ સ્ટોકના ધાંધીયા છે. ચારેકોર આક્રોશ છે... અજંપો છે... અફરા-તફરીનો માહોલ છે... હતાશા અને નિરાશા છે...! ત્યારે સરકારના એક એક કદમની આશાભરી મીટ સમાજ માંડીને બેઠો છે.

સંક્રમણ દિવસે દિવસે વધુ સ્ફોટક બનતું જાય છે. ગાંધીનગર હોય કે ગાંધીધામ... અમદાવાદ હોય કે અમરેલી... ચારેકોર લાઈનો એ લાઈનો..!! દવા માટે લાઈન... ઈન્જેક્શન માટે લાઈન... સીટીસ્કેન માટે લાઈન... હોસ્પિટલોમાં લાઈન... અને અંતિમ ગૃહોમાં

**સમયસર**

પણ લાઈન..!! કોરોનાના કાળા કહેરથી આખુ ગુજરાત હચમચી ગયું છે..! સરકાર નક્કર કદમ હજુ કેમ ઉઠાવતી નથી એની ચર્ચા હવે ચિંતા બની ગઈ છે..! એક તરફ એક સામાન્ય માણસ પોતાના માતા કે પિતા માટે... પત્નિ કે બાળકો માટે સંજીવની સમા ઈન્જેક્શનો મેળવવા બોતેર બોતેર કલાક ફૂટપાથ પર ચા પીને લાઈનમાં ઉભો છે અને છતાંય ઈન્જેક્શન મળતા નથી, તો બીજી બાજુ રાજકીય પક્ષના કાર્યાલયમાં ખેસ પહેરીને ઈન્જેક્શનોના સદાવ્રત ચલાવતા હોય તેવી શેખીઓ મરાય છે. સામાન્ય નાગરીક વિચારે છે કે આ રાજકીય હિસાબ-કિતાબનો સમય છે...?! આ કોઈને બતાવી દેવાનો સમય છે..!?! એક પક્ષનો પ્રમુખ પોતાના જ પક્ષના મુખ્યમંત્રીનું ખરાબ દેખાડવા બહારવટે ચડે તે કેટલું યોગ્ય છે..?! સાહેબ...! આખુ ગુજરાત સંકટમાં છે... આખો દેશ સંકટમાં છે ત્યારે પક્ષાપક્ષી કે મારા-તારાની વાત જ ના હોય..! આ વરવી મહામારી એક એક માણસને બચાવવા માટે સૌ સાથે મળીને ઝઝુમવું પડશે... ગુજરાતના તમામ પક્ષો અને તમામ જૂથો હિસાબ કિતાબની વાત છોડે અને ગુજરાતને કોરનામુક્ત બનાવવા પોત પોતાનું યોગદાન આપે તેવી પ્રત્યેક ગુજરાતીને અપેક્ષા છે. અને આ સમયે જે ચુકી જશે તેને ગુજરાત ક્યારેય માફ નહીં કરે..!!

બંગાળની ચૂંટણીમાં ગળાડુબ કેન્દ્ર સરકારને ગુજરાતની વિનંતી છે કે ગુજરાતમાં ઈન્જેક્શન માટે રઝળતા દર્દીઓના સગાઓને તાત્કાલિક રાહત મળે એવી જાહેર વિનંતી છે. ઉદ્યોગોના બદલે હોસ્પિટલોને ઓક્સિજનનો જથ્થો સમયસર અને વધુ મળે તેવી નમ્ર અપેક્ષા ગુજરાત રાખે છે. ભલે લોકડાઉન લાદવાના ના હોય પરંતુ અવરજવર ઉપરના પ્રતિબંધો મુકીને સંક્રમણને કાબુમાં લઈ શકાય તેમ છે. રોજેરોજ વધતાં સંક્રમણના આંકડા ધ્રુજાવી દે છે..! એ સ્થિતિ ટેસ્ટીંગ અને ટ્રેકિંગની પ્રક્રિયા હજુ પણ ખોરવાયેલી છે...

# જિલ્લામાં ૩૦મી સુધી પાન-પાર્લર બંધ રાખવા આદેશ

ગાંધીનગર જિલ્લામાં આવેલા તમામ પાનના ગલ્લાઓ અને પાન – પાર્લરો તા. ૧૩ એપ્રિલ, ૨૦૨૧ થી તા. ૩૦મી એપ્રિલ, ૨૦૨૧ દરમ્યાન સંપૂર્ણ બંધ રાખવા માટેનો આદેશ ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ કર્યો છે.

ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જાહેરનામાં જણાવ્યું છે કે, સમગ્ર ગુજરાત રાજ્ય તેમજ ભારત દેશમાં નોવેલ કોરોના વાયરસ (કોવીડ-૧૯) ફેલાયેલ છે કે જેને WHO વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી તથા ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાયરસ (કોવીડ–૧૯) ફેલાવો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા તથા કેટલીક સૂચનાઓ બહાર પાડવામાં આવી છે.

હોલમાં કોવિડ-૧૯ ના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે જેથી જાહેર હિતમાં કોરોના સંક્રમણને અટકાવવા પગલાં લેવા અત્યંત જરૂરી જણાય છે.પાન-મસાલા, તમાકુ આદિના સેવન તથા પાનના ગલ્લાંઓ પર થતી ભીડના કારણે કોરોના સંક્રમણ થવાની શક્યતા ખુબ જ વધી જાય છે. જેના અનુસંધાને નોવેલ કોરોના વાયરસ કોવીડ-૧૯ ના ઝડપી સંક્રમણને ફેલાતું અટકાવવા, જાહેર આરોગ્ય અને સુખાકારી માટે આગામી તા. ૧૩ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૧ સુધી ગાંધીનગર જિલ્લામાં આવેલા તમામ પાનના ગલ્લાઓ અને પાન-પાર્લરો સંપૂર્ણ બંધ રાખવા માટે હુકમ કરવામાં આવે છે.



ગાંધીનગર જિલ્લામાં આજથી શરૂ થયેલા રસી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ સાદરા ખાતે હાજર રહ્યા હતા અને વેકસીનેશન સુરક્ષિત હોવાનું જણાવી સૌને રસી લેવા અપીલ કરી હતી.

# એક્ઝીબીશન ડોમમાં કોવિડ-૧૯ માટે સારવાર કેન્દ્રો શરૂ કરવા કોંગ્રેસની માંગ

## વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ કમિશનરને પત્ર લખી કરી રજુઆત

ગાંધીનગર મહાનગર પાલિકાના વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ આજે મ્યુનિ. કમિશનરને લખેલા પત્રમાં સે. ૧૭ ખાતે આવેલ એક્ઝીબીશન ડોમ ખાતે સારવાર કેન્દ્ર શરૂ કરવા માગં કરી છે.

શૈલેન્દ્રસિંહ બિહોલાએ પત્રમાં જણાવ્યુ છે કે હાલમાં કોવિડ-૧૯ કોરોના વાયરસથી વૈશ્વિક સ્તરે ખુબ જ ગંભીર પરિસ્થિતિ સર્જાઈ રહી છે, આપણા ગુજરાત રાજ્યમાં કોરોના ખુબ જ ગંભીર રીતે ફેલાઈ રહ્યો છે, રાજ્યના પાટનગર ગાંધીનગરમાં પણ રોજબરોજ કોવિડ-૧૯ના કેસો વધી રહ્યા છે, સાથે-સાથે મૃત્યુઆંકમાં પણ વધારો થઈ રહ્યો છે, કોરોનાના કેસોમાં સતત થઈ રહેલા વધારાના કારણે કોવિડ વોર્ડ ધરાવતી હોસ્પિટલો ખાતે દર્દીઓના ખુબજ ધસારાથી સ્થિતિ ભયાવહ થઈ ગઈ છે. કોવિડ વોર્ડમાં દાખલ થવા માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં વેઈટીંગ છે, તેમજ હોસ્પિટલની બહાર દર્દીઓ સાથેની એમ્બ્યુલન્સની લાંબી કતાર જોવા મળે છે. હોસ્પિટલના કેમ્પસમાં દર્દીઓને દાખલ કરવામાં સો-સો નંબર હોવાથી કલાકો સુધી વેઈટીંગમાં ઉભા જોવા મળી રહ્યા છે, હોસ્પિટલમાં જગ્યાના અછતના કારણે કોરોનાગ્રસ્ત દર્દીઓને સારવાર આપી શકાતી નથી, જેના કારણે વધુ તકલીફ ધરાવતા દર્દીઓ હોસ્પિટલની બહાર એમ્બ્યુલન્સમાં જ દમ છોડી દે છે, તેવા બનાવો પણ બનવા લાગ્યા છે, ગાંધીનગર ખાતે વધી રહેલા કેસો પ્રમાણે દર્દીઓની સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે અપૂરતા બેડ હોવાના કારણે દર્દીઓ જરૂરી સારવાર ના મળવાના કારણે પોતાના જીવ ગુમાવી રહ્યા છે, આથી સેક્ટર-૧૭ ખાતે આવેલ એક્ઝીબીશન ડોમમાં કોવિડ-૧૯ સારવાર કેન્દ્ર બનાવવામાં આવે તો કોરોનાગ્રસ્ત દર્દીઓને યોગ્ય સારવાર આપી શકાય.

# પવિત્ર રમઝાન માસનો આજથી પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૨

મુસ્લિમ બિરાદરોના પવિત્ર રમઝાન માસનો આવતીકાલથી પ્રારંભ થઈ રહ્યો છે. જો કે કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે રમઝાન માસની ઉજવણી સાદાઈથી કરવામાં આવશે. ઘરમાં જ રહીને રમઝાનની ઉજવણી કરાશે.

મુસ્લિમ બિરાદરોના પવિત્ર રમઝાન માસનો ૧૩મી એપ્રિલથી પ્રારંભ થઈ રહ્યો છે. ગયા વર્ષે લોકડાઉનના કારણે રમઝાનની ઉજવણી ઘરમાં રહીને જ કરવી પડી હતી. આ વખતે પણ આ સમયગાળા દરમ્યાન જ કોરોનાનું સંક્રમણ અચાનક વધી ગયુ છે. જેના કારણે રમઝાનની ઉજવણી ફીકી રહેશે. ગુજરાતના મોટા શહેરોમાં રાત્રે આઠ વાગે કરફ્યુ લગાવી દેવાતો હોવાથી તરાવીહની નમાઝ પણ ઘરે જ અદા કરવાનો નિર્ણય લેવાયો છે. આકરી ગરમી આ વખતે રમઝાન માસને વધુ આકરો બનાવશે.

# શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર અપાયુ

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ અને જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કોરોનાની વર્તમાન સ્થિતિ અંગે એક આવેદનપત્ર આપી તંત્ર પ્રજાની પડખે રહે તેવી માંગ સાથે સૂચનો કર્યા છે.

કોંગ્રેસે આજે આપેલા આવેદનપત્રની સાથે કરેલા સૂચનોમાં ટેસ્ટીંગ, ટ્રેકીંગને ટ્રેસીંગ વધારવાની સાથે સાથે હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓને દવાઓ મળે તેવી સુદઢ વ્યવસ્થા કરવા જણાવ્યુ છે. તમામ સરકારી આરોગ્ય કેન્દ્રો ખાતે કોવિડ-૧૯ની સારવાર મળી રહે તેવી વ્યવસ્થા કરવા ઉપરાંત સંક્રમણ અટકાવવા જનઅભિયાન જનજાગૃતિ ચલાવવા જણાવ્યુ છે.

દર ૧૫ દિવસે રાજકીય આગેવાનો, એન.જી.ઓ.ના પ્રતિનિધિઓ સાથે સમીક્ષા બેઠક યોજી આરોગ્ય સેવાઓનું મૂલ્યાંકન કરવામાં આવે તેવી માંગ કરી છે. ગરીબો અને જરૂરિયાતવાળા કોવિડના દર્દીઓને મફત રાશન અને ભોજન પુરૂ પાડવા પણ તેમણે સૂચવ્યુ છે. આજે આ આવેદન પત્ર ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, પ્રદીપસિંહ વાઘેલા, તા.પં. પ્રમુખ ગોપાલજી ઠાકોર, અશોકભાઈ શ્રીમાળી, ગાંભુસિંહ ઠાકોર, વિષ્ણુભાઈ પટેલ સહિતના અગ્રણીઓએ હાજર રહીને આપ્યુ હતુ.

# કર્મચારી મહામંડળે ૩૩ ટકા સ્ટાફ સાથે કચેરીઓ કાર્યરત રાખવા સુચવ્યુ

ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળે આજે રાજ્ય સરકારને એક પત્ર લખી સરકારી કચેરીઓમાં કોરોનાના વધી રહેલા સંક્રમણને પગલે કર્મચારીઓની હાજરી ૩૩ ટકા રાખવા જણાવ્યુ છે તેમજ બાકીના કર્મચારીઓને વર્ક ફ્રોમ હોમના આદેશો કરવા અનુરોધ કર્યો છે. મહામંડળે થમ્બ ઈમ્પ્રેશનથી હાજરી પુરવાની પ્રથા હજુ પણ ચાલુ હોવા અંગે ઉગ્ર રોષ વ્યક્ત કરી તાત્કાલિક પ્રથા બંધ કરવા માટે માંગ કરી છે.

## ખૂણેખાંચરેથી

- સામાન્ય વહીવટ વિભાગના એ.આર.ટી.ડી. પ્રભાગના સચિવશ્રીએ તેમના પ્રભાગના કર્મયોગીઓને વર્ક ફ્રોમ હોમની મંજૂરી આપી છે.
- નાણાં વિભાગમાં ૧૫ મીએ કોરોના ટેસ્ટ અંગેની ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે.
- શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ અને તેમના ધર્મપત્ની કોરોનાથી સંક્રમિત થતાં હોમ આઈસોલેટ થયા છે.
- જિલ્લા પંચાયતમાં ખેતીવાડી શાખાના વધુ એક અધિકારી પરમાર અને શિક્ષણ શાખાના એક મહિલા કર્મયોગીની કોરોનાથી સંક્રમિત થયા છે.
- આજે સચિવાલયમાં બે સચિવોના કાર્યાલયમાં કોરોનાથી સંક્રમિત કર્મયોગીઓનો મુદ્દો કર્મચારી આલમમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે. રમત-ગમત વિભાગ અને નાણાં વિભાગમાં કોરોના દેખાયો છે.
- ભાજપના કિસાન મોરચાના પ્રવક્તા અને કિસાન અગ્રણી હિતેન્દ્રભાઈ પટેલ તેમના સહિતના પરિવારના સભ્યો કોરોનાથી સંક્રમિત થયા છે.
- જાણીતા કોલમીસ્ટ અને માહિતી ખાતાના ઉચ્ચ અધિકારી તરીકે ફરજો બજાવતા પુલકભાઈ ત્રિવેદીના પુસ્તક ''સીધુ ને સટ''નું તાજેતરમાં રાજ્યના મુખ્યમંત્રી રૂપાણીએ વિમોચન કર્યુ છે.


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર





કોરોનાના સંક્રમણને અટકાવવા તથા કોરોનાના દર્દીઓની સારવાર માટે ગુજરાત સરકારે કરેલી મહત્વની કામગીરી

ગુજરાતની જનતા સાચી હકીકત જાણે

કોરોનાની મોટી વૈશ્વિક આપત્તિમાં માનવજાતને બચાવવાના એક જ લક્ષ્ય સાથે રાજ્ય સરકારે સૌને સાથે રાખીને તન-મન-ધનથી હાથ ધર્યો સેવાયજ્ઞ

- ભારતમાં સૌથી વધુ રેમડેસિવીર ઇન્જેક્શનની વ્યવસ્થા કરનારું ગુજરાત પ્રથમ રાજ્યઃ રેમડેસિવીર ઇન્જેક્શન સરકારી હોસ્પિટલોમાં વિનામૂલ્યે અને ખાનગી હોસ્પિટલોમાં પડતર કિંમતે આપવામાં આવે છે. એપ્રિલ માસમાં છેલ્લા દસ દિવસમાં સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં ૩,૫૦,૦૦૦થી વધુ રેમડેસિવીર ઇન્જેક્શન ઉપલબ્ધ કરાવાયાં
- કોરોનાની સારવારમાં અતિ મહત્વના ઓક્સિજનની વધતી જતી જરૂરિયાત પૂર્ણ કરવા ગુજરાતમાં ઉત્પાદિત થતા ઓક્સિજનના તમામ જથ્થામાંથી ૭૦ ટકા જથ્થો કોરોનાના દર્દીઓની સારવાર માટે અનામત કરી દીધો
- રાજ્યમાં કોરોનાના નિદાન માટે ટેસ્ટની સંખ્યામાં વધારો કરી દૈનિક ૧,૪૦,૦૦૦ થી વધારે ટેસ્ટ કરવામાં આવે છે. RTPCR ટેસ્ટ ૮ હજારથી વધારી ૭૦,૦૦૦ હજાર જેટલા કરવામાં આવ્યાં
- તમામ જિલ્લામાં કોવિડ બેડ વધારવાની કામગીરી હાથ ધરી છેલ્લા સાત દિવસમાં કુલ ૧૫૦૦૦થી વધુ બેડ વધારવામાં આવ્યાઃ રાજ્યમાં કુલ ૭૧૦૨૧ બેડ ઉપલબ્ધ
- જે વિસ્તારોમાં કોરોનાના કેસોની સંખ્યા વધારે છે ત્યાં ૧૫,૨૫૩ કન્ટેનમેન્ટ ઝોન બનાવી ૯,૬૦૦ થી વધુ મેડીકલ ટીમોની મદદથી સઘન સર્વેલન્સની કામગીરી
- રાજ્યના ૮ મોટા મહાનગરોમાં ૫૦૦-૫૦૦ બેડના કોવિડ કેર સેન્ટર શરૂ કરવા અને તેના સમગ્ર સુપરવિઝન-સંકલન માટે ૮ IAS-IFS અધિકારીઓને વિશેષ જવાબદારી સોંપવામાં આવી
- ખાનગી નર્સિંગ હોમ-ક્લિનીક્સ ICU કે વેન્ટીલેટર સુવિધા સિવાય ડેડીકેટેડ કોવિડ હેલ્થ સેન્ટર અને ડેડીકેટેડ કોવિડ કેર સેન્ટર શરૂ કરી શકશે
- કોરોનાના કેસની સંખ્યામાં જ્યાં વધારો થયેલ છે તે વિસ્તારોમાં ધન્વંતરી રથની સંખ્યા વધારી સર્વેલન્સ સઘન બનાવાઈઃ ૧૫૦૦ જેટલા ધન્વંતરી આરોગ્ય રથ અને ૧૫૦૦ જેટલા સંજીવની રથ કાર્યરત
- કોવિડ-૧૯ની રસીનો પ્રથમ ડોઝ ૮૦,૫૫,૯૮૬ વ્યકિતઓને અને બીજો ડોઝ ૧૦,૬૭,૭૩૩ વ્યકિતઓને આપવામાં આવેલ છે. અત્યાર સુધી ૯૧,૨૩,૭૧૯ વ્યક્તિઓને રસીકરણ કરવામાં આવેલ છે.

આ ઉપરાંત રાજ્ય સરકારના આ રહ્યાં અન્ય નિર્ણયો

• રાજકીય, સામાજિક, ધાર્મિક કાર્યક્રમો, સત્કાર સમારંભ, જન્મદિવસની ઉજવણી કે અન્ય મેળાવડા યોજવા ઉપર તાત્કાલિક અસરથી સંપૂર્ણ પ્રતિબંધ • લગ્ન સમારંભમાં ૫૦ વ્યક્તિ અને અંતિમવિધિમાં ૨૦ વ્યક્તિ સુધીની પરવાનગી અપાશે
• એપ્રિલ અને મે માસ દરમિયાન દરેક ધર્મના તહેવારોની જાહેરમાં ઉજવણી ઉપર પ્રતિબંધ • રાજ્યના ૮ મહાનગરો સહિત જુદા જુદા ૨૦ શહેરોમાં રાત્રિના ૮:૦૦ થી સવારે ૬:૦૦ કલાક સુધી કોરોના કરફ્યુનો અમલ
• સરકારી, અર્ધસરકારી, બોર્ડ-કોર્પોરેશન તથા તમામ ખાનગી કચેરીઓમાં કર્મચારીઓની હાજરીની સંખ્યા ૫૦ ટકા સુધી રાખવાની રહેશે • ૩૦ એપ્રિલ સુધી પ્રત્યક્ષ શૈક્ષણિક કાર્ય બંધ કરવાનો નિર્ણય

કોરોના સંક્રમણને રોકવા માટે બધા જ નાગરિકોનો સાથ સહકાર ખૂબ જરૂરી છે તેથી બધા જ લોકો ફરજિયાત માસ્ક પહેરે અને વેક્સિનેશન જરૂર કરાવે તેવી સર્વેને વિનંતી - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત